# ભારતે કેન્યાને US$1 મિલિયનની પૂર રાહત સહાય મોકલી

14 મે, 2024

ભારત સરકાર કેન્યા સરકારને પૂરના કારણે થયેલા વિનાશના પગલે માનવતાવાદી સહાય આપી રહી છે. પૂરમાં 47માંથી 38 કાઉન્ટીઓ પ્રભાવિત થયેલ છે. અંદાજિત 267 લોકો મૃત્યુ પામ્યા છે, 188 ઘાયલ થયા છે અને 2,80,000 થી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

2. ભારતીય વાયુસેનાના વિમાનમાં આજે એક રાહત કન્સાઇનમેન્ટ એરલિફ્ટ કરવામાં આવી રહી છે જેમાં 22 ટન માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત વસ્તુઓ (HADR)નો સમાવેશ થાય છે જેમાં કેન્યાના લોકોનેં તાત્કાલિક સહાયતા પૂરી પાડવા માટે તંબુ, સ્લીપિંગ બેગ/મેટ્સ, ધાબળા, પાવર જનરેશન સેટ, તૈયાર ભોજન, મૂળભૂત સેનિટરી તથા ઉપયોગી વસ્તુઓ અને સ્વચ્છતા કીટનો સમાવેશ થાય છે. માલસામાનમાં લગભગ 18 ટન તબીબી સહાયનો પણ સમાવેશ થાય છે, જેમાં જીવનરક્ષક દવાઓ અને ગંભીર સારવાર અને ઘાની સારવાર માટે જરૂરી સર્જિકલ સાધનોનો સમાવેશ થાય છે. તેમાં બેબી ફૂડ, પાણી શુદ્ધિકરણ, માસિક સ્રાવની સ્વચ્છતા, મચ્છરોને ભગાડવા માટે જરૂરી વસ્તુઓ, મેલેરિયા અને ડેન્ગ્યુ ડાયગ્નોસ્ટિક કીટ, એન્ટિ-વેનોમ ટ્રીટમેન્ટ અને જમીન પર સરળતાથી ગોઠવી શકાય તેવી અનેક પ્રકારની ટેસ્ટિંગ કીટનો પણ સમાવેશ થાય છે.

3. આ પહેલા ભારતીય નૌકાદળનું જહાજ INS સુમેધા 10મી મેના રોજ મોમ્બાસા પહોંચ્યું હતું જેમાં એક HADR પેલેટ અને બે મેડિકલ પેલેટનો સમાવેશ થાય છે.

4. કેન્યાને સહાય એ દક્ષિણ-દક્ષિણ સહયોગની ભાવના છે અને PM નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે તેમ, આફ્રિકાને અમારી પ્રાથમિકતાઓમાં ટોચ પર રાખવાની અમારી પ્રતિબદ્ધતા અને તેમની સાથે અમારા મજબૂત અને મૈત્રીપૂર્ણ સંબંધોનું પ્રમાણ છે.

5. પૂરને કારણે થયેલા નુકસાન અને વિનાશ માટે ભારત, કેન્યા પ્રજાસત્તાકની સરકાર અને લોકો પ્રત્યે ઊંડી સંવેદના પણ વ્યક્ત કરે છે.

**નવી દિલ્હી**
**14 મે, 2024**